# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૮** **અંક : ૨૧૫**

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-

''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## ઉપપ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

દરેક કાર્યની સફળતા એ કાર્ય કરનાર જૂથ અને તેના નેતાને આભારી હોય છે. જૂથના સભ્યોનો કાર્ય કરવાનો ખંત, ધગશ, હોશિયારી, ભાવના અને એ કાર્ય કરવા પાછળ આપેલ સમયનો ભોગ વગેરે કારણો સફળતા આપવામાં મદદરૂપ થાય છે. પરંતુ એવા જૂથને પ્રોત્સાહિક કરી ઉચ્ચ કક્ષાના પ્લાનીંગ માટે પોતાનો સમય ફાળવી એ કાર્યના જૂથના નેતાની વિચાર શક્તિ, અનુભવ, હોંશિયારી, જૂથ પાસેથી કામ લેવાની આવડત, બધા કાર્યકરો સાથે વિચારોની આપ-લે અને પોતાના વિચારોની દલીલથી યોગ્ય નિર્ણય લેવાની આવડત ઉપરાંત અન્ય વ્યક્તિઓ સાથેના સંબંધથી વડીલો, મિત્રો અને સમાજના સભ્યોને એકત્ર રાખી અનોખી રીત-રસમથી કાર્યનું મંડાણ કરી અને કાર્યની સમાપ્તિ સુધી એમને કાર્યરત રાખી સફળતા મેળવવાની જે કાબેલિયત છે તેને નવાજવી જોઈએ.

આપણાં મંડળમાં પણ આવા કાર્યકરો દ્વારા દિવસે દિવસે પ્રવૃત્તિઓ સુપેરે પાર પાડવામાં આવે છે. કોઈપણ પ્રકારની ખેવના વગર આવા કાર્યકરો મંડળની પ્રવૃત્તિઓને વેગવંતી રાખે છે. જે સરાહનીય છે. ૧૬ જૂન ૨૦૧૩ના મંડળની વાર્ષિક સામાન્ય સભા તથા ચૂંટણીઓ રહેશે.

આ વર્ષે ગરમીએ માજા મૂકી છે. આશા કરીએ કે ચોમાસું પણ સારૂં રહે જેથી મોંઘવારીથી રાહત મળે. મંડળના પ્રમુખશ્રી વિદેશ યાત્રાએ છે. એમની વિદેશ યાત્રા આનંદમય રહે. દિવસે દિવસે મંડળની પ્રવૃત્તિઓ વેગમય રહે એવી શુભકામના સાથે...

---

**ધાર્મિક માન્યતાઓ અનુસાર ૮૪ લાખ જીવાયોનિઓમાંથી પરિભ્રમણ કરતાં કરતાં અનંત પુણ્ય એકઠું થયા બાદજ આ માનવભવ પ્રાપ્ત થાય છે અને એટલેજ આ માનવભવ અતિ દુર્લભ ગણાવાયો છે. આપણને મળેલા આ માનવભવને આપણે સાર્થક કર્યો છે ખરો ?**

---

**રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનાર પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઇએ છીએ ?**

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**


NO DONATION
Admissions Open
Shri Kutchchi Mitra Mandal
Shanti PRIMARY SCHOOL



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

એપ્રિલ મહિનો ખૂબજ દુઃખદ રીતે પસાર થયો. મંડળનાં માજી ટ્રસ્ટી શ્રી રમેશભાઈ પ્રેમજી લાલજી લોડાયા (૮૨) નું તા. ૧૭-૪-૨૦૧૩ ના અવસાન થયું. પ્રભુ એમનાં આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

પડોશી દેશ ચીન દ્વારા લદ્દાખમાં તંબુઓ બંધાયા, એ ચિંતાનો વિષય બન્યો. પાકીસ્તાન પણ સ્વભાવ મુજબ અવળું ચાલ્યું. આપણાં દેશનાં એક યોદ્ધાની કરપીણ હત્યા કરી, હીચકારી કૃત્ય કરીને દરેકને હચમચાવી મુક્યા.

રાજકીય ક્ષેત્રે પણ બધું અસ્ત-વ્યસ્ત થઈ રહ્યું છે. આટલું ઓછું હોય તેમ કુદરતનાં પ્રકોપે પણ પોતાનો પરચો દેખાડ્યો. અકાળે વાવાઝોડું, વરસાદ તથા ભૂકંપ થયા. આમ ચારે બાજુ અરાજકતા ફેલાયલી છે. આવા વાતાવરણમાંથી મુક્ત થઈ શાંતિનો અનુભવ કરીએ એવી આશા.

લગ્નોની મોસમ શરૂ થઈ ગઈ છે. ભવનની બુકીંગ સારી છે. તા. ૮-૪-૨૦૧૩ અને તા. ૨૨-૪-૨૦૧૩ ની સભામાં ૨૦૧૨-૨૦૧૩ નાં ઓડીટેડ હિસાબોને બહાલી આપવામાં આવી.

સર્વ સમિતિ સંચાલકોને વિનંતિ કે પોતપોતાની સમિતિઓનાં વાર્ષિક અહેવાલો તા. ૧૦-૫-૨૦૧૩ સુધી મોકલી આપે. તા. ૧૬-૬-૨૦૧૩ નાં સાધારણ સામાન્ય સભામાં આપણે બધા મળશું. સર્વ સભ્યોને ભાગ લેવા નમ્ર વિનંતી. ઓળખ પત્રો સાથે રાખવા નમ્ર વિનંતી.

મંડળને નીચે મુજબનાં દાનો પ્રાપ્ત થયા છે. સર્વ દાતાઓનો આભાર

(૧) રૂ. ૧૦,૦૦૦.૦૦ કુ. વીધી હેમાંગ મોમાયા, જનરલ ડોનેશન

(૨) રૂ. ૧૨,૧૦૧.૦૦ શ્રી દીપક ચંદુલાલ જાની પુત્રના લગ્ન પ્રસંગે

રક્તદાન, નેત્રદાન અને ત્વચાદાન માટે આપણો સમાજ આગળ છે. તેવીજ રીતે હવે અન્ય અવયવોનાં દાન માટેનાં પ્રયત્નો ચાલુ છે. આપ સર્વ આ ક્ષેત્રે સહાયરૂપ થશો, એવી આશા. વિસ્તૃત જાણકારી શ્રી પંકજભાઈ વી. સાવલા આપશે.



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**

સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

ઉનાળામાં ગરમીનો પારો તેજીથી આગળ વધી રહ્યો છે. ૪૦° થી ૪૨° ની ગરમીમાં પણ શરબત તથા આંબાના રસની મજાતો અલગજ હોય છે. બાળકોની પરીક્ષાઓ પુરી થઈ. સૌ વેકેશન માણતા હશે. પણ બાળકોને ખરેખર વેકેશનની મજા ક્યાં છે ?

બધેજ હરિફાઈ છે. હવેતો વાલીઓમાં પણ હરિફાઈ ચાલે છે. પોતાના બાળકોને વધારેમાં વધારે ક્લાસમાં મોકવાની જાણેકે હરિફાઈ ચાલી રહી છે. બાળકોની મરજીનો તો કોઈ સવાલ જ નથી. મારૂં બાળક બીજાના બાળકથી પાછળ ન રહી જાય તેની જાણે કે હોડ જ છે. સ્કૂલમાં ભલે રજા હોય પણ બાળકોને મજા નથી. એણે તો એક બેગ છોડી. બીજી બેગ ઉપાડવાની છે. અને ફરી નવા ટાઈમટેબલ પ્રમાણે ચાલવાનું જ છે. કોઈ મુક્તિ નથી. પોતાની મરજી મુજબનો કોઈ આનંદ માણવાનો મોકોજ નથી. આ બધી દોડાદોડમાં બાળપણ ક્યાંક ખોવાઈ ગયું છે. **કોઈ શોધી આપશે એમને બાળપણ ?**

# શ્રી ભલારા ભક્તિ મંડળ - હૈદરાબાદ

**શ્રી ભલારા ભક્તિ મંડળ** - હૈદરાબાદના તત્વાધાનમાં બુધવાર તા. ૨૪-૪-૨૦૧૩ ચૈત્રી શુક્લ ચૌદશના શ્રી કચ્છીભવન રામકોટ, હૈદરાબાદ માં ૨૦મી ભલારા દાદાની સામુદાયિક પહેડી તથા પાઠ સંપન્ન થયેલ.

ચીઠ્ઠી ઊપાડી પાગડીનો લાભ શ્રી કુલીન મણીલાલ છેડા ને આપવામાં આવેલ તથા અખા તથા સોપારી શ્રીમતી મીનાબેન મોનીક ધરમશીને આપવામાં આવેલ.

શ્રી હરેશ પદમશી મોતા, શ્રી કાન્તિલાલ દામજી મોતા, શ્રી વિપુલ ગુલાબચંદ મોતા, શ્રી પ્રિતેશ લહેરચંદ લોડાયા, શ્રી જિતેશ ડુંગરશી લાલકા, શ્રી મિહિર ગીરીશ મોતા, શ્રી હિરાંક હરીશ મોતા, રોમીલ દિલીપ મોતા આદિ કાર્યકર્તાઓના જહેમતથી આયોજિત કાર્યક્રમ આનંદ તથા ઉત્સાહપૂર્વક સંપન્ન થયેલ. મંડળ કાર્યકર્તાઓની ભુરી-ભુરી અનુમોદના કરે છે.

આયોજન માટે પ્રાપ્ત થયેલ અનુદાનના દાતાઓની નામાવલી નીચે મુજબ છે. શ્રી ભલારા ભક્તિ મંડળ સર્વે દાતાઓ તથા કાર્યકર્તાઓનો આભાર માને છે.

| | | | |
|---|---|---|---|
| રૂ.૫૦૦૧/- | માતુશ્રી રાજબાઈ પદમશી મોતા | રૂ. ૫૦૧/- | શ્રીમતિ કાંતાબેન પ્રફુલ દંડ |
| રૂ.૨૫૦૦/- | શ્રી મહેંદ્ર બાબુભાઈ લોડાયા | રૂ. ૫૦૧/- | શ્રી કાંતિલાલ વાલજી નાગડા |
| રૂ. ૨૧૨૧/- | શ્રી હંસકુમાર રાયચંદ સાયલા | રૂ. ૫૦૧/- | શ્રીમતિ હિરાબેન હંસરાજ કારાણી |
| રૂ. ૨૦૧૧/- | શ્રી વિરેન્દ્ર શીવજી મોતા | રૂ. ૫૦૦/- | શ્રી ડુંગરશી શામજી લાલકા |
| રૂ. ૨૦૦૦/- | શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા | રૂ. ૫૦૦/- | શ્રી બદ્રીચંદ શીવજી મોતા |
| રૂ. ૨૦૦૦/- | શ્રી જયચંદ હેમરાજ મૈશેરી | રૂ. ૫૦૦/- | શ્રી નિતેન જાદુભાઈ લોડાયા |
| રૂ. ૨૦૦૦/- | શ્રી મોનીક વિનોદ ધરમશી | રૂ. ૨૫૧/- | શ્રી પ્રવિણ વાલજી નાગડા |
| રૂ. ૧૧૧૧/- | શ્રી ચંદ્રકાન્ત હેમરાજ મૈશેરી | રૂ. ૨૫૧/- | શ્રી પ્રતાપ શીવજી લોડાયા |
| રૂ. ૧૧૦૧/- | શ્રી જયંતીલાલ દામજી મોતા | રૂ. ૨૦૧/- | શ્રીમતિ હિરાબેન નરશી દંડ |
| રૂ. ૧૦૦૦/- | શ્રી કુલીન વિરચંદ વિકમશી | રૂ. ૨૦૧/- | શ્રી હરીશ નવીનચંદ્ર લાપસીયા |
| રૂ. ૧૦૦૦/- | શ્રી ગુલાબ હિરજી મોતા | રૂ. ૨૦૧/- | શ્રી જીવરાજ મુલજી દંડ |
| રૂ. ૫૦૧/- | શ્રી મણીલાલ ભવાનજી મોતા | રૂ. ૨૦૦/- | શ્રી મણીલાલ દામજી મોતા |
| રૂ. ૫૦૧/- | શ્રી ધારશી રતનશી ડાગા | રૂ. ૨૦૦/- | શ્રી મહેશ શીવજી મોતા |
| રૂ. ૫૦૧/- | શ્રી નરેન્દ્ર હેમરાજ મૈશેરી | રૂ. ૨૦૦/- | શ્રી હિતેશ હિરાચંદ લોડાયા |
| રૂ. ૫૦૧/- | શ્રી કાન્તીલાલ દામજી મોતા | રૂ. ૧૫૧/- | શ્રી વર્ધમાન દેવજી લોડાયા |
| રૂ. ૫૦૧/- | શ્રી કુલીન ટોકરશી ધુલ્લા | રૂ. ૧૦૧/- | શ્રી કુલિન મણીલાલ છેડા |
| રૂ. ૫૦૧/- | શ્રી જવેરચંદ માડણ દંડ | રૂ. ૧૦૧/- | વીરચંદ દામજી મોતા |

(જા.ખ.)

# માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

શ્રી કચ્છી મિત્ર મંડળ સંચાલીત ત્રણે દવાખાના રાબેતા મુજબ ચાલે છે. સભ્ય પરિવારોના હિતાર્થે નીચે મુજબની યોજનાઓ ચાલુ છે.

૧) **Diagnostic Testing :** સભ્ય તથા એના પરિવાર જનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપસનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૨) **Diagnostic Test Charges :** Insurance Co. થી Testing Charges પાછા મેળવવા હોય તો તમારી Insurance Policy Page No. 2 માં Cum. Bonus અગર ૨૦ ટકા અથવા ઉપર જમાં હોય તો Insurance Policy ની રકમ ઉપર ૧ ટકા મળી શકે. e.g. ૧,૦૦,૦૦૦/- ની પોલીસી ઉપર ૧ ટકા મળે. વધુ વિગત માટે સંચાલક અથવા શ્રી મોદાની નો સંપર્ક કરવા વિનંતી.

**નોંધ :** આપની મેડિક્લેમની જૂની પોલીસીઓ પણ સંભાળીને રાખવી, ક્યારે પણ એની જરૂર પડી શકે છે.

## જીવન ચક્ર

**** પુત્ર જન્મ ****

| | | |
|---|---|---|
| દિપ્તી મૌલિક નેમજી કક્કા | બેરાજા | |

**** પુત્રી જન્મ ****

| | | |
|---|---|---|
| અક્ષતા હિરેન જિતેન્દ્ર ગોગરી | નાંગલપુર | |

**** સગપણ ****

| | | |
|---|---|---|
| જય અનિલ મેઘજી નાગડા | વરંડી મોટી | હૈદરાબાદ |
| મિનાક્ષી વિપિન ધૂત | જોધપુર | સિકંદ્રાબાદ |
| પવન મણીલાલ વીરજી સાવલા | મોટા આસંબીયા | હૈદરાબાદ |
| વિરલ લીલેશ લક્ષ્મીચંદ ગડા | કોડાય | બીજાપુર |
| લક્ષ્ય હિતેન મોહનલાલ ગાલા | લાખાપુર | હૈદરાબાદ |
| કિંજલ પંકજ હિરજી સાવલા | બેરાજા | હૈદરાબાદ |

**** અવસાન/ચક્ષુદાન ****

| | | |
|---|---|---|
| રમેશભાઈ પ્રેમજી લોડાયા | ઉ.વ. ૮૨ | વારાપધર |
| હેમકુંવરબેન લખમશી દેઢિયા (ચક્ષુ દાન કરેલ છે) | ઉ.વ. ૭૫ | ભુજપુર |

# શ્રદ્ધાંજલિ



## શ્રી રમેશ પ્રેમજી લાલજી લોડાયા

કાર્યકુશળતા અને કુશાગ્ર બુદ્ધિ ધરાવનારા, પ્રાપ્ત થયેલ માનવ દેહને સત્કર્મોથી દિપાવનારા
સૌ પ્રત્યે સ્નેહ અને સદ્ભાવના રાખનારા, ધર્મનો મર્મ જાણીને, જીવનમાં આત્મસાત કરનારા
વ્યવહારિક-વ્યવસાયિક ફરજો સુપેરે બજાવનારા, કુટુંબપ્રેમી, જ્ઞાતિ પ્રેમી,
વાત્સલ્યહૃદયી સ્વજનશ્રી ને ભાવાંજલિ....
અનેકો ના આધાર અને અસંખ્યના પરિબળ એવા પવિત્ર આત્માને પ્રભુ અક્ષય,
અવિનાશી અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના...

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન

**હૈદરાબાદ**

| | |
|---|---|
| **મણિકાંત મેઘજી મોમાયા** | **મોનિક વિનોદ ધરમશી** |
| પ્રમુખ | મંત્રી |

(જા.ખ.)

# સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની ૮-૪-૨૦૧૩ નાં મળેલ સંયુક્ત સભામાં માર્ચ ૨૦૧૩ ના ૯ વ્યક્તિઓની આજીવન સભ્ય પદની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | કુમાર કરણ સંજય ગાલા | લાખાપર | K/1020/4/13 |
| ૨ | શ્રીમતિ હિરલ હાર્દિક ગાલા | લાખાપર | H/1018/4/13 |
| ૩ | કુમાર દીપ નીલેશ છેડા | લુણી | D/1015/4/13 |
| ૪ | કુમાર યકીન જીતેશ શાહ | મુંદ્રા | Y/1003/4/13 |
| ૫ | શ્રીમતિ ઉર્મીલા જીતેશ શાહ | મુંદ્રા | U/1004/4/13 |
| ૬ | કુમાર વૈભવ હર્ષદ મહેતા | મુંદ્રા | V/1012/4/13 |
| ૭ | કુમાર કુણાલ હર્ષદ મહેતા | મુંદ્રા | K/1021/4/13 |
| ૮ | શ્રીમતિ દર્ષણા હર્ષદ મહેતા | મુંદ્રા | D/1016/4/13 |
| ૯ | શ્રી રમેશ પુરશોત્તમદાસ રાજદેવ | દુધઈ | R/1013/4/13 |

ઉપરોક્ત સર્વે સભ્યો ને મંડળ વતી હાર્દિક અભિનંદન....

મંડળનાં સભ્યપદનું લીસ્ટ અપડેટ થઈ રહ્યું છે. નીચે જણાવેલ ૮ વ્યક્તિઓનો સંપર્ક થઈ શક્યો નથી માટે આ વ્યક્તિઓ પોતે હાજર હોય અથવા મંડળનાં કોઈપણ સભ્ય એમને જાણતા હોય તો સભ્યપદ સમિતિ ના સંચાલકોને જાણ કરવા વિનંતી. તા. ૧૦-૬-૨૦૧૩ સુધી કોઈ પણ જાણકારી ન મળતા એમનું સભ્યપદ રદ કરવામાં આવશે.

૧) અમીત લહેરચંદ શાહ, ૨) જયપ્રકાશ રણછોડદાસ આશર, ૩) ઈશ્વરલાલ મુલશંકર વેદાન્ત, ૪) લક્ષ્મીદાસ ધીરજલાલ ગાંધી, ૫) મોંઘીબેન ચન્નાભાઈ, ૬) મુકેશ ભવાનજી શાહ, ૭) નીતિન અમૃતલાલ ત્રીવેદી, ૮) પંકજ કરશનલાલ ભાટીયા.

**એ ઉપરાંત મંડળનાં સભ્યના Identity Cards બની રહ્યા છે જેનું વિતરણ તા. ૧૯-૫-૨૦૧૩ અને ૨૬-૫-૨૦૧૩ ના સવારના ૯.૦૦ થી ૧૨.૩૦ સુધી કચ્છી ભવન માં કરવામાં આવશે પોતાનાં કાર્ડ મેળવી લેવા વિનંતી.**

| મનીષ સાવલા | હરેશ દેઢીયા | લહેરચંદ લોડાયા |
|---|---|---|
| ૯૩૯૧૦ ૨૪૧૦૮ | ૯૨૪૬૧ ૯૪૪૦૫ | ૯૨૪૬૫ ૩૧૦૬૬ |




*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

**ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.**

**નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯**

(જૈ. મ.)

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. હેમકુંવરબેન લખમશી દેઢિયા

(ઉ.વ. ૭૫ - ગામ : ભુજપુર - કચ્છ)

તા. ૫-૫-૨૦૧૩ ના અરિહંતશરણ થયેલ છે. (ચક્ષુદાન કરેલ છે)

નવકાર આરાધક, કુટુંબ હિત તત્પર, સદ્ગુણોથી સભર, સ્વમાની રત્ન એવોર્ડેડ, આવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે. સમગ્ર જીવનને સેવામય બનાવનાર એવા અમારા પરિવારના વાત્સલ્યમૂર્તિના અંતિમ સમયે સહાયરૂપ થનાર માનવ મિત્રના સભ્યો, હિતેચ્છુઓ, મિત્રો તથા સર્વે કાર્યકરોનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

**શોકાતુર :**

| | | |
|---|---|---|
| પુત્રવધુ - પુત્ર | : | જયવંતી - દિનેશ દેઢિયા |
| | | નમ્રતા - દિલીપ દેઢિયા |
| પુત્રી - જમાઈ | : | લતા - લહેરચંદ પોલડિયા (તલવાણા) |
| | | વીણા - વિનોદ વોરા (નવીનાર) |
| | | નીતા - નીતીન વોરા (નવીનાર) |
| પૌત્રવધુ - પૌત્ર | : | શ્વેતા - જતીન દિનેશ દેઢિયા |
| પૌત્રી - પૌત્રીવર | : | નિશા - સુનીલ સચ્ચનંદાની (હૈદ્રાબાદ) |

પૌત્ર : સૌરભ, જુગલ, પૌત્રી : હસ્તી, દોહિત્ર વધુ - દોહિત્રઃ પૂર્વિ - લક્કી પોલડિયા, દોહિત્રીઃ પ્રીનલ, ચાર્મી, સ્વ.પૂર્વિ, દોહિત્ર : નેવિલ, અંકિત, પરપૌત્રઃ ધ્વનિલ જતીન દેઢિયા, પરપૌત્રી પુત્ર : શોર્ય સુનીલ સચ્ચનંદાની, પરદોહિત્ર : અંશ લક્કી પોલડિયા

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : હરિલાલ ભીમશી સાવલા

## છાસ વિતરણ યોજના આવેલ દાનની વિગત :

| | | |
|---|---|---|
| રૂ. | ૩૦,૦૦૦/- | એક સદગ્રહસ્થ તરફથી |
| રૂ | ૬,૦૦૦/- | સ્વ. ચંપાબેન નવિન ભેદા |
| રૂ. | ૬,૦૦૦/- | સખી મિલન |
| રૂ. | ૬,૦૦૦/- | ત્રિશલા મંડળ |
| રૂ. | ૬,૦૦૦/- | શ્રીમતિ જયવંતીબેન નેમજી કાનજી ધરોડ |
| રૂ. | ૧,૦૦૦/- | સ્વ. લક્ષ્મીચંદ આણંદજી ગાલા |
| રૂ. | ૬,૦૦૦/- | કચ્છી જૈન ગુર્જર પરિવાર હૈદરાબાદ-સીકન્દ્રાબાદ |
| રૂ. | ૬૦૦/- | સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા |
| રૂ. | ૧,૫૦૦/- | શ્રી કાર્તિક અરવિંદ શાહ |

## અવસાન નોંધ :

| | | |
|---|---|---|
| સ્વ. રમેશ પ્રેમજી લોડાયા | ઉ.વ. ૮૨ | વારાપધર |
| સ્વ. હેમકુંવરબેન લખમશી દેઢિયા | ઉ.વ. ૭૫ | ભૂજપુર |

**સ્વ. મુરજી માવજી ગાલા** ઉ.વ. ૭૬ ગામ ડુમરા ઉપરોક્ત સભ્યના અવસાનબાદ ચક્ષુદાન અંતિમક્રિયા તેમજ પ્રાર્થના માટે માનવમિત્ર સમિતિના સભ્યો સહાયરૂપ થયા હતા. ગાલા પરિવાર એમનો ખૂબ આભાર માને છે.

## આવેલ દાનની વિગત - માનવ મિત્ર સમિતિ

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | હોસ્પિટલ રૂા. જાનવરોની વૈયોવચ્ચ | જીવદયા રૂા. | ગૌ ગ્રાસ ૧ ઓટો ઘાસના રૂા. ૮૦૦ |
|---|---|---|---|---|---|---|
| શ્રી મુરજી માવજી ગાલા | - | ૫૦૦ | - | - | ૫૦૦ | - |
| ડૉ. દિલીપ ભાનુસાલી | - | ૫૦૦ | - | - | - | - |
| શ્રીમતિ લતાબેન વિજયસીંહ ભાટીયા | - | ૫૦૦ | - | - | - | - |
| શ્રીમતિ જયવંતીબેન મગનલાલ મારૂ | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | - |
| સ્વ. લક્ષ્મીચંદ આણંદજી ગાલા ની પુણ્યતીથી નિમિત્તે | ૧૦૦૦ | ૫૦૦ | - | - | - | - |
| ચિ. વિરાગ અતુલ નાગડાના જન્મદિન નિમિત્તે | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | ૧ |
| પૂ. સચામાતાની પહેડીના લોડાયા પરિવાર તરફથી | - | ૧૦૦૦ | - | - | - | - |
| સ્વ. ચંપાબેન નવિન ભેદા ની પુણ્ય તિથી નિમિત્તે | - | - | ૨ | - | - | - |
| શ્રીમતિ હિના હિતેન સંઘોઈ | - | - | - | - | - | ૧ |
| ભીમશી ડુંગરશી સાવલા પુણ્ણતિથી નિમિત્તે | - | - | ૨ | - | - | - |

માનવમિત્ર સમિતિને ભેટ : રૂ. ૨૦૦૦/- ચિ. સિદ્ધાર્થના લગ્ન પ્રસંગે હ. શ્રી વિનોદ જગજીવન શાહ, માંડવી હાલે સીકંદરાબાદ

# સંસ્થા સમાચાર



વિશ્વ ગુજરાતી સમાજ ના ઉપપ્રમુખ, શ્રી બૃહદ મુંબઇ ગુજરાતી સમાજના પ્રમુખ, અને કચ્છ શક્તિ એવૉર્ડનાં પ્રણેતા શ્રી હેમરાજ શાહ ના નગર આગમન પ્રસંગે મંડળના માનદ્ મંત્રી શ્રી અમૃતલાલભાઇ નિશર દ્વારા કચ્છી ભવન આમંત્રવામાં આવ્યા હતા. આપણા મંડળમાં ચાલતી પ્રવૃતિઓથી તેઓ ખૂબજ પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે આપણા મંડળ તરફથી શ્રી હેમરાજ શાહને તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ ગૌરવરૂપ વસ્તી પત્રક તથા સંપર્ક સેતુ અર્પણ કરવામાં આવેલ. શ્રી હેમરાજ શાહને વસ્તીપત્રક મંડળ ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરીલાલ સાવલા, સંપર્ક સેતુ દાતા તથા ટ્રસ્ટીશ્રી હેમાંગ મોમાયા દ્વારા અર્પણ કરવામાં આવેલ. મંડળના સહમંત્રી શ્રી પ્રેમચંદ છેડા અને સહખજાનચી શ્રી દિનેશ ગોસર ઉપસ્થિત રહ્યા હતા.



આં.પ્ર. રાજ્યના મુખ્ય સચીવ તરીકે ડૉ. પ્રસન્ન કુમાર મોહંતીની નિયુક્તી થતા તેમનું સ્વાગત પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉણ્ડેશન ના મંત્રી શ્રી રિદ્ધીશ રમેશ જાગીરદાર દ્વારા કરવામાં આવ્યુ હતું.

(જા.ખ.)



વિશ્વ ગુજરાતી સમાજ ના ઉપપ્રમુખ, શ્રી બૃહદ મુંબઇ ગુજરાતી સમાજના પ્રમુખ, અને કચ્છ શક્તિ એવૉર્ડનાં પ્રણેતા શ્રી હેમરાજ શાહ ના નગર આગમન પ્રસંગે તેમનું સ્વાગત પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉણ્ડેશન ના મંત્રી શ્રી રિદ્ધીશ રમેશ જાગીરદાર દ્વારા કરવામાં આવ્યુ હતું.

(જા.ખ.)

# સમાજ ગૌરવ



ભારતભરમાં જાણીતા અને માનીતા ગૌરવ કેટરર્સ ના સંસ્થાપક અને આપણા શ્રી કચ્છી મિત્ર મંડળ ના ઉપપ્રમુખ શ્રી મણિકાંત મેઘજી મોમાયા તથા શ્રીમતી લતાબેન મોમાયાનું તાજેતરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા અન્નપૂર્ણા રત્ન થી અલંકૃત કરવામાં આવેલ. શ્રી ગુજરાતી મૂર્તિપૂજક સંઘ તરફથી રાજેન્દ્ર દલાલ, હીરાલાલ શાહ, કિરણ શાહ, ખાંતીભાઈ શાહ, સંદેશ દલાલ, શ્રી શ્વેતામ્બર તીર્થ કુલપાકજી તરફથી જૈન રત્ન સુરેન્દ્ર લૂણિયા, શ્રી રાજસ્થાની જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી માણકચંદ સમદરિયા, કચ્છી સમાજ તરફથી દિનેશ ગોસર, શ્રી કચ્છી જૈન સેવા સંઘ તરફથી લહેરચંદ લોડાયા, પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉણ્ડેશન તરફથી રિદ્ધીશ રમેશ જાગીરદાર દ્વારા એમનો સન્માન કરવામા આવેલ.

તાજેતરમાં યોજાયેલા જૈન શ્રેષ્ઠીના એક સમારંભમાં ભોજનમાં સંપૂર્ણ જૈન વાનગીઓ આપણા સમાજનાં લોકપ્રિય ગૌરવ કેટરર્સ દ્વારા રાખવામાં આવી હતી. આ સમારંભમાં ભારતભરના જૈન શ્રેષ્ઠીઓ પધારીયા હતા. જેમા સર્વશ્રી કે.પી. સંઘવી, દીપચંદ ગાર્ડી, શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનાં ટ્રસ્ટીઓ, શ્રી શંખેશ્વર તીર્થના ટ્રસ્ટીઓ, શ્રી બનારસ તીર્થ તથા ઉત્તર અને દક્ષિણ ભારતના જૈન શ્રેષ્ઠીઓ હાજર હતા. ભોજન ની સંપૂર્ણ અને વિશાળ માત્રમાં જૈન વાનગીઓ જોઈને તેઓ આશ્ચર્ય પામ્યા હતા. અને તેઓને વિશ્વાસ ન બેસતા એમની નજર સમક્ષ ઈટાલીયન, મેક્સીકન, કૉન્ટીનેન્ટલ, પંજાબી, ચાઈનીસ એમ ઘણી જૈન વાનગીઓ તૈયાર કરીને બનાવવામાં આવી હતી. જેથી આ શ્રેષ્ઠીઓ એ ગૌરવ અનુભવતા હૈદરાબાદ-સિકંદ્રાબાદ ના જૈન શ્રેષ્ઠીઓને ગૌરવ કેટરર્સ ના શ્રી મણિકાંત મેઘજી મોમાયા નો સન્માન કરવા ભલામણ કરી હતી, જેથી વિવિધ જૈન સંસ્થાઓ દ્વારા તેઓશ્રીનો અન્નપૂર્ણા રત્ન થી સન્માન કરવામાં આવેલ. શ્રી કચ્છી મિત્ર મંડળ આ સન્માન થી ગૌરવ ની લાગણી અનુભવે છે અને શ્રી મણિકાંત ભાઈ ને ધન્યવાદ આપે છે.

**COMPUTERISED HOROSCOPE, MATCH MAKING IN HINDI, ENGLISH LANGUAGE.**
**DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS**
**ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY**
Contact: **RIDESH RAMESH JAGIRDAR @ CHANDRAPRABHA GRAPHICS**
**37, ROYAL PLAZA, SULTAN BAZAR, NEAR HVS SCHOOL, HYDERABAD.**
**PH: 66780780, 98499 88999 chandraprabhagraphics@gmail.com**
(જા.ખ.)

# અપીલ

ગયા વર્ષે કચ્છમાં દુષ્કાળની પરિસ્થિતિ રહેતા જેના અસર સ્વરૂપે કચ્છમાં હાલમાં પશુધનના ઘાસ-ચારા, પાણી માટે વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે. કચ્છમાં જૈન મહાજનોએ આ પશુધન બચાવવા પોતપોતાના ગામોમાં ચારા-પાણીની વ્યવસ્થા કરી છે.પરંતુ કેટલક ગ્રામોમાં જૈન પરિવારો ન હોતા ત્યાં મહાજનનું અસ્તિત્વ નથી. કચ્છમાં હમણાં ચાલતી ૮૧ પાંજરાપોળમાં ૭૫,૫૦૦ પશુઓ છે. મુંબઈના દાતાઓએ આ માટે જીવદયા ફંડમાં ઘણી સહાય કરી છે પરંતુ આ સહાય મુંદ્રા-માંડવી તાલુકાની કેટલીક પાંજરાપોળોમાં પહોંચે છે. અબડાસા-નખત્રાણા તાલુકાના ગામોમાં હમણાં ખુબજ અછતની પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. હાલમાં એક ગામનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કોટડા અને રોહા ગામ વચ્ચે વાંઢ ગામ વસેલું છે. જ્યાં મુખ્યાત્વે રબારી કોમ વસે છે. રબારી કોમનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો છે. આ ગામમાં હજી સુધી કોઈ સહાય પહોંચી નથી. ગાયો ભુખે ટળવળે છે અને કેટલીક ગાયો મોતના મુખમાં ધકેલાઈ ગઈ છે. આપણે સૌ જીવદયામાં વિશ્વાસ રાખીએ છીએ, આવા કપરા સમયે માણસતો પોતાને બચાવી લેશે પણ મુંગા અબોલ જીવોને બચાવવાની આપણી ફરજ તેમજ ધર્મ છે. શ્રી સુંદરજી રતનશી નાગડા ગામ સણોસરા હાલે હૈદરાબાદને આ કિસ્સો ધ્યાનમા આવતાં થોડા સમય સુધી પોતાને ખર્ચે ત્યાં ચારાની વ્યવસ્થા કરાવી. આ વાંઢ ગામ તથા આવા અન્ય જરૂરિયાતમંદ ગામોમાં પશુ સહાયના આ ઉમદા કાર્ય માટે સહાય પહોંચાડવી હોયતો આપણી સ્વેચ્છાએ ત્યાં મદદરૂપ બની શકીએ છીએ. આ માટે શ્રી દિનેશ ગોસર મો. ૦૯૨૪૬૧ ૯૯૦૧૧ શ્રી સુંદરજી નાગડાનો મો. ૦૯૨૪૬૨૧૨૧૬૩ પર સંપર્ક કરવા વિનંતી.

# જૈન (કાસ્ટ) માયનોરિટી સર્ટિફિકેટ

**જાન્યુઆરી ૨૦૧૩થી અત્યાર સુધીના નિયાપોમાં જાહેર કરેલ વિગતના અનુસંધાનમાં જણાવવાનું કે ગવર્નમેન્ટ ઓફ આંધ્ર પ્રદેશ માયનોરિટીસ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડેલ ઓર્ડર મૂજબ જૈન સમાજને ધાર્મિક માયનોરિટી તરીકે માન્યતા આપતો જી.ઓ. તા. ૮-૩-૨૦૧૧ ના બહાર પાડેલ જેમાં હમણાં ફક્ત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂટમાં માયનોરિટીના તમામ ફાયદાઓ ઉપલબ્ધ થશે. હમણાં ખાસ કરીને હાયર સેકન્ડરી અને ઉપરના વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ફાયદો મળી શકશે.**

**અરજીપત્રક ભરતી વખતે આધાર કાર્ડ અથવા રાશન કાર્ડની ઝેરોક્સ તથા 10th પાસની માર્કશીટ અને TC અથવા સ્કુલની બોનાફાઈડ સર્ટીફિકેટ અને ૧ કોપી પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે આપવા જરૂરી છે. આ પ્રક્રિયા ખર્ચ અરજદારે પોતે ભોગવવાનો રહેશે.**

### ❖ વધુ માહિતિ માટે સંપર્ક ❖

| **પંકજ વલ્લભજી સાવલા** | **દિનેશ કલ્યાણજી ગોસર** |
|---|---|
| ૯૩૯૪૫ ૫૩૧૫૪ (રિલાયન્સ) | ૯૩૯૧૧ ૯૯૦૧૧ (રિલાયન્સ) |
| ૮૦૯૯૯ ૬૬૬૬૫ (ટાટા ડોકોમો) | ૯૨૪૬૧ ૯૯૦૧૧ (ટાટા ડોકોમો) |

# વિવિધા

## બદલતા ચહેરા

ચહેરા નિરંતર બદલતા રહે છે. એનું રૂપ, રંગ, આકાર, આભા અદ્દષ્ટપણે પણ સતત પરિવર્તન પામે છે. શિશુનો કોમળ, ખિલખિલ હસતો ચહેરો, મુગ્ધાવસ્થામાં એ ચહેરાપર તરવરાટભરી ચંચળતા કુદાકુદ કરે છે. એજ ચહેરો યુવાન થતા એની આંખોમાંથી કેટલાય સ્વપના પાંખ પ્રસારી આકાશી સફરે ઉપડે છે. પ્રૌઢાવસ્થાનાં કંઈક પરિપક્વ, ક્યારેક ગણતરી કરનારા તો ક્યારેક ગણતરીમાં અટવાતા, આ ચહેરા પર એક કરચલી પ્રકટી જાય છે એની જાણ પણ થતી નથી. એ ચહેરા પર ક્યાંક સ્વસ્થતા છે તો ક્યાંક અસહાય તરફડાર પણ ધૂંધવાય છે. અને એક દિવસ એ ચહેરો અદ્દશ્ય થાય છે. વિલય પામે છે સર્જનથી વિસર્જનની. આ કથાનો પ્રવાહ ચક્રાકાર છે ન એનો ઉગમ છે ન અંત, અને છતાં સતત પરિવર્તન પામતા આ પ્રવાહમાંથી ઉઠતા કિરણો અવિરતપણે પરાવર્ત કરતા રહે છે.

આ વાત કુદરતના વિભિન્ન અંશની છે. મનુષ્ય હો કે પંખી, વન હો કે ઉપવન, સરિતા હો કે સરોવર તમામ માટે છે. જેમાં વિશ્વ, ખંડો, દેશો, પ્રદેશો, પ્રજાઓ, જાતિઓ, વર્ગો, સમાજો, સંપ્રદાયો, ચતાધારીઓ, શોષિતો, સમર્થકો, વિદ્રોહીઓ બધાનો સમાવેશ થાય છે.

આપણા સમાજની વાત કરીએ. સમાજના બદલતા ચહેરાના અનેક રૂપ આપણી સ્મૃતિમાં તાદશ થાય છે.

આજથી લગામગ એક સૈકા પહેલા આપણો સમાજ મુખ્યત્વે કચ્છમાં વસેલો. વ્યવસાય ખેતીનો, સમાજનો એક વર્ગ ખેડૂત હતો જે સ્વયં ખેતી કરતો હતો અને એક વર્ગ ખેત મજૂર હતો. અલ્પ સંખ્યામાં લોકો અન્ય રોજગારમાં વ્યસ્ત હતા. કચ્છ ત્યારે દૂકાળિયો પ્રદેશ હતો. સમયાંતરે કચ્છમાં દૂકાળ પડતો. ખેડૂત વરસાદની રાહ જોતો. ક્યારેક વર્ષાના થોડાક છાંટા ઠગારી આશા આપતા અને નિસહાય ખેડૂત પોતાના ભાગ્યને કોશતો. એનું જીવન સંઘર્ષમય હતું. શિક્ષણનું પ્રમાણ નહિયત્ ગણાય. ઘણેભાગે બાળકો પ્રાથમિક શિક્ષણ પણ પુરૂં પામતા નહિ અને કુટુંબના વડીલો સાથે જીવનસંઘર્ષની થપાટો ઝીલતા થઈ જતા. સમાજનો સ્ત્રી વર્ગ પણ આ જીવન સંઘર્ષનો ભાર વેઠતો રહયો બલ્કે એની સ્થિતિ વધુ બદતર હતી. સ્ત્રી શિક્ષણનું પ્રમાણ નહિવત્. આવી સ્થિતિમાં પણ સમાજનું ખમીર સાબુત હતું. રોજીની અનિશ્ચિતતા, સખત પરિશ્રમ, ગરીબી અને જીવન નિર્વાહના ટાંચા સાધનો. છતાંપણ અભાવગ્રસ્ત જીવનના કપરા કાળમાં એ ભાંગી નહોતો પડયો. તમામ દિશાઓની વિષમ સ્થિતિએ એના પુરૂષાર્થને ઝઝુમવાની, સાહસિકતાની, સખત પરિશ્રમની ધારથી વધુ સતેજ કર્યો અને આવો એ કચ્છી નવા રોજગારની શોધમાં વતન છોડીને નીકળ્યો. એ દેશના અન્ય શહેરોમાં અને મુખ્યત્વે મુંબઈમાં સ્થાઈ થયો. અનાજના છૂટક વેપારને એણે જીવનનિર્વાહ અર્થે અપનાવ્યો. કચ્છી સમાજનો ચહેરો હવે બદલાતો ગયો. મુંબઈ શહેરમાં અનાજના છૂટક વેપારનો ઈજારા કચ્છીઓના હાથમાં રહ્યો. સખત મહેનત અને કુનેહથી એણે વેપાર પર મજબુત પકડ મેળવી. હવે રોજગારીની અનિશ્ચિતતા ઘણે અંશે દૂર થઈ પરંતુ આર્થિક પ્રગતિની ગતિ અત્યંત મંદ હતી. અનાજના છૂટક વેપારમાંથી કેટલાક સાહસિકોએ જથ્થાબંધ વેપારમાં

અમારા સંઘના માર્ગદર્શક, પ્રેરણા સ્ત્રોત, માનવતાના ભેખધારી
એવા હૈદરાબાદ સમાજના બે અનમોલ રતન ને

# હૃદયપૂર્વક ની ભાવાંજલિ



**શ્રી રમેશ પ્રેમજી લાલજી લોડાયા**



**શ્રી ધીરજલાલ ટોકરશી લાલજી કાપડિયા**

રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી
મન હજી માનવા તૈયાર નથી કે, હાજરી રહી નથી હવે તમારી
સૌનું કાળજું કંપાવી ગઈ વિદાય તમારી
શ્રદ્ધા સુમન કરીએ છે અર્પણ, ચરણોમાં તમારી
કદી ન ભૂલાશે સ્નેહ સંસ્કારની ધારા તમારી
સ્મૃતિ પટલ પર અંકિત રહેશે હમેશા છબિ તમારી
આપ-આત્મ સ્વરૂપે જ્યાં હો
ત્યાં પરમ શાંતિ અને શાશ્વત સુખને
પામો એજ પરમ પિતા પરમાત્મા ને પ્રાર્થના....

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ, હૈદરાબાદ

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર**

*કાયમી સંઘપતિ :*
**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**
ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ
હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (જા.ખ.)

પ્રદાર્પણ કર્યુ અને એક સમયગાળા પછી અનાજનો જથ્થાબંધ વેપાર પણ કચ્છી માડૂનો ઈજારો બની રહ્યો. સમાજનો આ બદલાયેલો નવો ચહેરો હતો. એક સમયનો ખેડૂત હવે વેપારી બન્યો. એ ગ્રામજન મટી શહેરી બન્યો. એ સમયે કંઈક અંશે એના બદલાયેલા નવા ચહેરાને કયારેક કાળાશ પણ છાવરી ગઈ જ્યારે એની ઓળખ અનાજના સંગ્રહખોર અને નફાખોર તરીકે ખરડાઈ પરંતુ એ તો સમાજના અનેક ચહેરામાંનો એક ચહેરો હતો.

અનાજના ધંધામાં સરકારી કનડગત. વેપારમાં સખત મહેનત છતાં પ્રમાણમાં મર્યાદિત નફો. અનાજના જથ્થાબંધ વેપારમાં વધી રહેલું મૂડી-રોકાણ જેવા અનેક કારણોએ કચ્છી માડૂને હવે અન્ય વેપાર ભણી દોરયો. આ બદલાયેલો પ્રવાહ સિત્તેરના દાયકામાં સ્ટેનલેસ સ્ટીલના વાસણોના વેપાર ભણી ફંટાયો. આ વેપારમાં કેટલાક કેવળ વેપારી મટી ઉત્પાદક પણ બન્યા અને હવે સમાજની આર્થિક પ્રગતિ વધુ વેગવંત બની. કેટલાય કચ્છીઓ સ્ટેનલેસ સ્ટીલના ધંધામાં સારૂં કમાયા. સમાજની સંપતિ વધવા માંડી. આ પ્રવાહ ચાલુ રહયો અને સમાજના કેટલાક વર્ગે હવે અન્ય વ્યવસાયમાં પણ પગરણ કર્યા. મુખ્યત્વે તૈયાર કપડાના વ્યવસાયમાં કચ્છીઓ સારી સંખ્યામાં રોકાયા અને પ્રગતિ કરી. આ પ્રવાહ અને ફેરફારો સિત્તરે અને એંસીના દાયકામાં થયા.

સમાજનો બદલાયેલો ચહેરો હવે નવો રંગ, નવો આકાર ધારણ કરી રહયો હતો. કચ્છનો અશિક્ષિત, અણઘડ ખેડૂત હવે વેપાર ધંધાની રીત રસમો શીખી ચૂકયો હતો. એને શહેરની હવાનો સ્પર્શ થઈ ચૂકયો હતો. એની જીવનશૈલીમાં અનાયાસ પલટો આવી રહયો હતો.

ગઈ સદીના અતિમ દાયકામાં અને આ સદીના પ્રથમ દાયકા દરમ્યાન સમાજના તમામ ક્ષેત્રે ઝડપભેર પલટો આવ્યો. સમાજનો ચહેરો હવે આધુનિક રૂપ-રંગ ધારણ કરી ચૂકયો હતો. આ દરમ્યાન સમાજમાં શિક્ષણ અંગે નવી જાગૃતિ આવી. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધતો ગયો. શહેરનું કોઈપણ કુટુંબ પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહ્યું. શિક્ષણની દરેક શાખાના સ્નાતકોની સંખ્યા ગણનાપાત્ર હતી તેમ ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ પ્રયાણ કરનાર યુવાનોની સંખ્યા પણ કંઈ ઓછી ન હતી. તબીબો તેમજ અન્ય વ્યવસાયિકોની સમાજમાં ગણનાપાત્ર ઉપસ્થિતિ હતી.

આર્થિક સધ્ધરતા અને શૈક્ષણિક ક્ષમતાએ સમાજના ચહેરાને નવો ઓપ આપ્યો સમાજનો ચહેરો, ભૂતકાળની ઝાંખી પણ ન થાય એટલો બદલી ચૂકયો હતો. પરંતુ આવેલ બદલાવથી ઉદ્‌ભવતી પ્રગતિની આ છબિ કેવળ એકતરફી ચિત્ર રજૂ કરનાર છે. આ ફેરફારના અનેક રૂપ-પાસાં સમાજ જીવન પર બહુમુખી અસર કરનાર નિવડયા. આર્થિક સધ્ધરતા છતાં સમાજના એક મોટા વર્ગ માટેતો જીવન વધુ દોહ્યલુ રહ્યું. શહેર નિવાસી સમાજ માટે આવાસ એક મહાપ્રશ્ન થઈ રહ્યો.

ઉદ્‌ભવ પામેલા અનેક પ્રશ્નોમાં સૌથી મહત્વનો પ્રશ્ન આજના યુવાનો અંગેનો છે. વડીલો અને નવી પેઢી (યુવાનો) વચ્ચે વધતું જતું અંતર, કૌટુંબીક સંબંધો, નવી પેઢીનો સમાજ પ્રત્યેનો અભિગમ, એનું સમાજ પ્રત્યેનું કર્તવ્ય. આ બધા પ્રશ્નો સમાજના ભવિષ્ય નિર્માતા અને ઘડતર માટેના પ્રાણ પ્રશ્નો છે. આ છે સમાજના નવનિર્મિત ચહેરાની વરવી બાજુ. આજના યુવાનમાં એ અન્ય પર અવલંબિત નથી એવો ખ્યાલ વધુને વધુ દૃઢિભૂત થતાં એ સ્વચ્છંદી બનતો ગયો છે. સમાજ પ્રત્યેનો એનો અભિગમ નફીકરો થતાં એ સ્વકેન્દ્રી થતો ગયો છે. નવાં આર્થિક સમીકરણો અને મુખ્યત્વે પશ્ચિમના ભૌતિકતાલક્ષી વૈચારિક

# ।। Jai Mahaveer ।।

*Best wishes and Seasonps Greetings to one and all.*

**For all your Watery Problems such as seepage or leakage in your toilets, bath rooms, Window panes roof tops etc we are here to help you in solving the above problems.**

Remember

# NAMAN
# Construction & Solutions

***All our products are Nano Technology based, the work is carried out by Skilled and experienced Workers with precision and care. Hence we spread this message to all who are concerned.***

*Please remember V R just a call away from you...*

Call **VARDHAMAN D. SHAH,** Mobile : 98853 41835

**C/o. Naman Construction Solutions**

B/1, Suryanarayana Apts., Opp. Patel Ghanshyam Gujrati Samaj,
Lingampally, Kachiguda, Hyderabad - 500 029 (A.P.)
E-mail : naman.construction.solutions@gmail.com

***P.S. We are proud to announce that since last three years we have achieved 95% success in our work.***

(જા.પ.)

વલણોની પ્રબળતા કૌટુંબિક સંબંધોમાં અને વિશેષત સમાજમાં પરસ્પરના સંબંધોમાં તુરાશ લાવનારા નિવડયા છે. સંયુક્ત કુટુંબો હવે નામશેષ થતા રહયા છે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચેનું વૈચારિક અંતર તો પરંપરિતજ છે પરંતુ આર્થિક સધ્ધરતા સાથે ભૌતિકતાના વલણોએ એની વિધ્વંશક અસરનું પ્રાબલ્ય અનેક ગણું કર્યું છે અને એથી કુટુંબ તૂટયા છે, સમાજમાં તિરાડો પડી છે. સાહિત્ય, સંગીત તેમજ અન્ય કળાઓ પ્રત્યેનું આપણી નવી પેઢીનું જોડાણ કેવળ ઉપર છલ્લું છે. સમાજનો આ બદલાયેલો નવો ચહેરો ચિંતા અને ચિંતનનું કારણ છે.

પરિવર્તન એ નિયમ છે એ સત્ય સ્વીકારી આપણે નિર્માણ થયેલ પરિસ્થિતિનો તાગ કાઢી સમાજમાં એક એવું વાતાવરણ સર્જવાની જરૂરિયાત છે જેમાં પરિવર્તન પામનાર સમાજ એક સુત્રતાથી બદ્ધ રહે, એનું પોત પાંખુ ન થાય, આપણી પ્રતિબદ્ધતા એક એવા મુકામ પર પહોંચવાની હોય જેમાં બે પેઢીઓ વચ્ચેનો સંબંધ વિશ્વાસ આધારિત હોય, પરસ્પર આદર અને એમાંથી ઉદ્દભવ થનાર, અન્ય માટે કંઈક કરી છૂટવાની ભાવના આધારિત હોય. જૂની પેઢી એનો અહં ઓગાળશે સમયનો તકાદો સમજી જડતાપૂર્વક વળગી રહેલ માન્યતાઓને ખંખેરી નાખશે. દંભ અને ઉપરછલ્લા પ્રદર્શનના બંધિયાર અને આભાસી આવાસની દિવાલો તોડી મુક્ત હવામાં બહાર આવશે અને નવી પેઢી યુવા પેઢી ભૌતિક પ્રગતિના એકમાત્ર લક્ષની નાગચૂડ માંથી મુક્ત થઈ સમાજ પ્રત્યેના એના કર્તવ્યને સન્મુખ રાખી એનો માર્ગ કંડારશે તો આવનાર પરિવર્તનમાં એક સ્વસ્થ, સૌજન્યશીલ અને પ્રસન્ન સમાજ આવિષ્કાર પામશે.

**– દિનેશ કલ્યાણજી ગોસર**

## પ્રાર્થના

હે દયાળુ પરમાત્મા ! તું ખરેખર મહાન છે. પ્રેમાળ છે. આખાય જગતના જીવો તને વહાલા છે, બધાજ તને ચાહે છે. તને સતત પ્રેમ કરવા તલસે છે. તારી નિયમિત પ્રાર્થના કરે છે. રોજ તારા શરણે આવે છે. તારી પૂજા કરે છે. પુષ્પો ચડાવે છે. છતાં પણ તે અમે સૌ જીવોને આ મઝધારમાં રખડતા મૂકી દીધા છે. અમારી વખતો વખત કસોટી કરે છે. હે પ્રભુ ! વિશ્વના પ્રત્યેક જીવોમાં તું જ વસે છે. જલમાં, સ્થળમાં, આકાશમાં તું કયાં નથી તે સવાલ છે. મને આ બધું ખબર છે છતાંય હું વાત વાતમાં બીજા જીવો સાથે સંબંધો બગાડી નાખું છું. બીજા જીવોને તૂચ્છ સમજું છું. જિંદગીમાં મે પોતે કદી સુકાર્ય કર્યા નથી અને બીજા કરે તો તેમના માર્ગમાં કંટક અને પત્થરો મૂકું છું. બીજાની વાત તો દૂર રહી, મારા ઘરના સ્વજનો જોડે પણ સારી રીતે વર્તી શકતો નથી. સગા-સંબંધીઓનું સુખ પણ જોઈ શકતો નથી. હે કૃપાળુ ! આવું કેમ થાય છે ? તું બધે હોવા છતાં પણ મને કેમ દેખાતો નથી ? હે કરૂણાકર! તું મને એવું કોક વિઝન આપ, મારા નેગેટીવ સ્વભાવ ને પોજીટીવમાં બદલ. એવી કોક દૃષ્ટિ આપ કે દરેકમાં હું તારૂં દર્શન કરી શકું, તારા અસ્તિત્વનો અનુભવ થાય, જેવો તને પ્રેમ કરૂં છું એવો આખી દુનિયાના તમામ જીવો સાથે પ્રેમ કરી તારી જેમ પ્રેમમૂર્તિ બની જાઉં. સત્કાર્યો કરનારના માર્ગમાં અંતરાયરૂપ ન બનું. મારા જડ સ્વભાવને વિનમ્ર બનાવું. મેં પહેરેલા ઉંધા ચશ્માને ફેંકી દરેક જીવમાં તારા સ્વરૂપના દર્શન કરૂં. ઘઉંમાંથી કાંકરા શોધવાને બદલે કાંકરામાંથી ઘઉં શોધવાની કોશિષ કરૂં. અનીતિથી ભેગા કરેલા ધનને સત્માર્ગે વાપરી આ મોહજાળમાંથી જલ્દી છૂટી શકું. પશ્ચાતાપ તો ઘણાં કરવા છે પણ આજે હું એટલુંજ કહીશ કે પ્રભુ તું મને સદ્દબુદ્ધિ આપ.

**– દિનેશ કલ્યાણજી ગોસર**



*Regular Wear & Exclusive Party Wear*

# Salwar Suits

## Size : 'L' - 'XL' - 'XXL'

*Contact :*

***Mrs. Bhumi P. Chheda***

*201, Kaveri Shikhar, 3-4-525/16, Barkatpura,*

*Opp. Bank of Baroda Lane, Hyderabad - 500 027.*

***Tel : 040-66835923, Mobile : 092461 18635.***

(જા.ખ.)

# ABHA BEAUTY PARLOUR

BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- We undertake Hair Spa Treatment
- Galvanic Treatment
- Stone Theropy
- Body Spa
- Bridal Packages
- Foot Facial or Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Summer Special offer
**Mehandi & Self Grooming Classes**

***Home service Facility is also available***

***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# ગુજરાત દિવસ પર વિશેષ - સદા કાળ ગુજરાત

***જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત***
***જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત***

ઉત્તર દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમ, જ્યાં ગુર્જર ના વાસ,
સૂર્ય તણાં કિરણો હોડે ત્યાં, સૂર્ય તણોજ પ્રકાશ.

જેની ઉષા હસે હેલાતી, તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત,
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

ગુર્જર વાણી, ગુર્જર લ્હાણી, ગુર્જર શાણી રીત,
જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ પ્રીત.

જેને ઉર ગુજરાત દુલાતી, તેને સુખન તુલ્ય મિરાત,
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

કૃષ્ણ દયાનંદ દાદા કેરી પુણ્ય વિરલ રસ ભોમ
ખંડ ખંડ જઈ ઝૂઝે, ગર્વે કોણ જાત ને કોમ

ગુર્જર ભરતી ઉછળે છાતી  ત્યાં રહે ગરવી ગુર્જર માત,
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

અણ કીધાં કરવા ના કોડે, અધૂરાં પૂરાં થાય,
સ્નેહ શૌર્ય ને સત્ય તણા ઉર, વૈભવ રાસ રચાય.

જય જય જન્મ સફળ ગુજરાતી, જય જય ધન્ય અદલ ગુર્જર
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.ॅ

રચયિતા : અરદેશર ખબરદાર
સંકલન કર્તા : રશ્મિ રાજેશ લોડાયા

**જન્માક્ષર ઉંડાણપૂર્વક અધ્યન કરી વર-કન્યા મેળાપક**
**કોમ્પ્યુટર જન્માક્ષર - ગુજરાતી તેમજ ૧૦ ભાષામાં બનાવી આપવામા આવશે...**
ઘર-દુકાન-ફેક્ટરી વાસ્તુ માર્ગદર્શન માટે મળો : જ્યોતિષાચાર્ય પં. ભરત ભટ્ટ (કચ્છી ગોર)
૪-૩-૨૦૦, સાઈબાબા મંદિર પાછળ, કે.એસ.લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ
ફોન. ૦૪૦-૨૪૭૬૦૯૪૯ (મો) ૯૪૪૦૪ ૯૮૩૦૮ **email: bbastrobhatt@hotmail.com**
(જા.ખ.)

## સિનીયર સીટીઝન – વડિલો જોગ

હૈદ્રાબાદ **GHMC** સિનીયર સીટીઝન માટે આઈ.ડી. કાર્ડ બનાવી આપે છે. કાર્ડ ધારકને કોઈ પણ ગાર્ડન માં ફ્રી એન્ટ્રી આપવામાં આવે છે. જે કોઈ ભાઈ બહેને ૬૦ વર્ષ પુરા કર્યા હોય અને આ કાર્ડ મેળવવું હોય તો સંપર્ક કરો : **શ્રી વલભજી મેઘજી સાવલા, મો : ૯૩૯૦૯ ૯૨૮૧૧** (જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

## Upto 20% Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)

## માણસોને મદદરૂપ થવું એ મોટી પ્રાર્થના છે...

ચીનમાં માત્સુ નામના એક મહાન સાધુ હતા. તેમણે ભગવાનને પામવા માટે આકરી સાધના શરૂ કરી હતી. તેઓ પોતાનું શહેર છોડીને નિર્જન સ્થળે રહેવા ચાલ્યા ગયા. એક સાધક તરીકે તેમના નામની વાહવાહ બોલાવા લાગી. જોકે માત્સુને એવી વાહવાહની પરવા નહોતી. તેઓ તો પોતાની સાધનામાં મસ્ત હતા. એક દિવસ માત્સુના ગુરૂ માત્સુને મળવા જઈ પહોંચ્યા. તેમના સુધી પણ માત્સુની વાહવાહ પહોંચી હતી. માત્સુના ગુરૂ માત્સુથી જાુદી પ્રકૃતિના હતા. તેઓ લોકો વચ્ચે ફરતા રહેતા હતા અને સાથે સાથે સમય મળે ત્યારે સાધના પણ ચાલુ રાખતા હતા. માત્સુના ગુરૂ માત્સુ પાસે જઈને ઊભા રહ્યા પણ માત્સુ સાધનામાં એટલા રત હતા કે તેમને ગુરૂના આગમનની પણ ખબર પડી નહીં..

ગુરૂએ માત્સુને સાધનામાં રહેવા દીધા. ખાસ્સી વાર થઈ પણ માત્સુને ગુરૂની હાજરીની ખબર પડી નહીં. છેવટે ગુરૂએ એક ઈંટ ઉપાડી અને એ ઈંટ એક પથ્થર ઉપર ઘસવા માંડી. માત્સુએ સાધનામાંથી જાગૃત થઈને જોયું ત્યારે તેમના ગુરૂજી પથ્થર ઉપર ઈંટ ઘસી રહ્યા હતા.

માત્સુએ એ જોઈને આશ્ચર્ય સાથે સવાલ કર્યો કે, ગુરૂજી તમે નાના બાળકની જેમ આ શું કરી રહ્યા છો ? ગુરૂએ શાંતિથી પથ્થર ઉપર ઈંટ ઘસતા ઘસતા કહ્યું કે આ પથ્થર ઉપર ઈંટ ઘસીને હું તેનો અરીસો બનાવીશ.

આ સાંભળીને માત્સુને હસવું આવ્યું. તેમણે કહ્યું કે, તમે આ કેવી વાત કરો છો ? ઈંટ કદી આયનો બને ? તમે તો મૂર્ખ જેવી વાત કરો છો ! ગુરૂએ કહ્યું, મૂર્ખ હું નહી તું છે. માત્સુ કહે કે, હું સમજયો નહીં.

ગુરૂએ કહ્યું, ભલા માણસ તું તારા મનરૂપી ઈંટને સતત ખાલી પ્રાર્થના અને સાધના રૂપી પથ્થર પર ઘસ્યા કરે છે. પણ એથી શું તારું મન દર્પણ બનશે ખરું ?

અહીં નિર્જન સ્થળે પ્રાર્થના સાધના કરવાને બદલે લોકોને ઉપયોગી થાય એવા કામ કર. લોકોને મદદ રૂપ બનવાની કોશિશ કર. લોકોની સેવા કરતા મોટી કોઈ સાધના નથી. દુખી અને જરૂરતમંદ લોકોને મદદ કર એ જ સાચી સાધના છે.

માત્સુના ગળે એ વાત ઊતરી ગઈ અને તેમણે નિર્જન સ્થળ છોડીને લોકોની વચ્ચે વસવાનું નક્કી કર્યું. એ પછીની જિંદગી તેમણે લોકોને મદદરૂપ બનવામાં કાઢી. ચાઈનીઝ સાધુ માત્સુના જીવન પરથી એ પ્રેરણા લેવા જેવી છે કે મંદિરોમાં્ને આશ્રમોમાં ભટકવાને બદલે આપણી આજુબાજુના માણસોને મદદરૂપ થઈએ તો સાચી સાધના કે ભક્તિ છે. દેખાડો કરવા માટે લાખો રૂપિયાનું દાન કરવાને બદલે આપણી આજુબાજુના માણસોને ઉપયોગી થવું એ ભગવાન સુધી પહોંચવાનો સરળ રસ્તો છે.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

DEEPAK MAVJI DHAROD    Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)




(જા.ખ.)

D.NO. 3-5-7, First Floor, Sumathi Residency, Beside Maxmuller Bhavan,
Ramkote, Hyderabad 500 027. Email : hanumanmediworld@gmail.com

# મારી માઁ

આમ તો આપણી સંસ્કૃતિમાં માતા-પિતા ને દેવતુલ્ય બતાવી પૂજનીય કહેવાય છે. જન્મ દાતા હોવાથી તે માનવીના પ્રથમ ઉપકારી ગણાયા છે જેના ઉપકારનો બદલો આલોક તો શું પરલોકમાં પણ નથી ચૂકવી શકાતો એવા માત-પિતાની વંદના તો જીવન ભર કરીયે તોય ઓછી છે પણ હવે પાશ્ચાત્ય સંસ્કૃતિની હોડમાં નવા-નવા પર્વો ઉજવવામાં આવે છે. એમાંનું એક છે ઈંગ્લીશ કેલેન્ડરના 'મે' મહિના ના બીજા રવિવારે આવતું. **"MOTHERSDAY".** કારણ જે પણ હોય પણ આ દિવસે નવી પેઢી પોતાની પાલક માતાનો આદર-સમ્માન કરે છે એ ગર્વ લેવા જેવી વાત છે. પરિણામ તો માતૃ-ભક્તિ કે માતૃ વંદના જ છે. તો એવા Mothersday પર સર્વ માતાઓ ને સમર્પિત એક કાવ્ય

## મારી માઁ

આવજો એમ કહેનારા તો ઘણા મળે
ઘણાં કુટુંબીજનો મળે, સુખી થાઓ એમ કહેનારા
આશીર્વાદ આપનારા તો ઘણાં વડિલો મળે
પણ મૌન સાથે આંખો માં ઝળઝળિયા વાળું આશીર્વાદ
એક નું જ મળે, અને તે મારી મા જ હોય

ઘણાં મળે આવનારા તો ભેંટ સૌગાદો
ધન-દૌલત સ્વાર્થે આપનારા તો ઘણાં મળે
હાર-હીરા-મોતી ના દેખાવ માટે આપનારા તો ઘણાં મળે
પણ માથે હાથ ફેરવી ખોબા ભરી-ભરી ને આશીષ
આપનાર તો એકજ મળે, અને તે મારી માં જ હોય

ઘણાં મળે આપનારાં તો શિખામણ
માર્ગદર્શન કરનારા એ ઘણાં મળે
કરનારા પ્રશંસા અને નિંદા તો ઘણાં મળે
પણ મને આંગળી પકડી ને ચલાવનાર તો એકજ મળે
અને તેતો મારી માજ હોય.

અબુધ કહે હેત-પ્રેમના સરવાળા, બાદ-બાકી
ભાગાકાર કરનારા તો ઘણાં મળે
પણ હેત-પ્રેમ નો ગુણાકાર, કરનારી તો મારી માઁ જ હોય
એવી મારી માઁ જેના અંદર વ્હાલ નો
દરિયો ભરયો છે એવી માં ને લાખો-પ્રણામ

સંકલન કર્તા : **રશ્મિ રાજેશ લોડાયા**




FOR ALL YOUR COMPUTER WORK

- ❖ SOFTWARE INSTALLATION
- ❖ TROUBLE SHOOTING
- ❖ VIRUS CLEANING ETC.
- ❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

SHIKHARJI - GUJRAT DARSHAN - NAGESHWAR / M.P. - PUNJAB DARSHAN

KERLA - COASTAL KARNATAKA - MADHYA PRADESH - RAJSTHAN - ANDMAN - NEPAL

KASHMIR - LEH LADHAK - HIMACHAL - UTTARANCHAL - SIKKIM DARJELING - SOUTH INDIA

HITESH NAGDA
09892651122

MAHESH DEDHIA
09869616553

# SAMbHAV TOURS & TRAVELS

The Complete Travel Solutions

23, Panchsheel Nagar, S. N. Road, Mulund (West), Mumbai – 400 080.
Tel. : 2569 5289 / 9987827463 Email : sambhavtoursandtravels@gmail.com

## શ્રી સમ્મેત શિખરજી

બનારસ, ચંપાપુરી, કોલકત્તા સાથે/સિવાય દિ. ૦૬/૦૮/૧૦/૧૨

પ્રસ્થાન દિનાંક

સપ્ટેમ્બર : ૧૭, ૨૧, ૨૭ ઓકટોબર : ૫, ૧૧, ૧૭, ૨૨, ૨૫, ૨૮, ૩૧
નવેમ્બર : ૦૨, ૦૪, ૦૭, ૧૦, ૧૩ ડિસેમ્બર : ૧૮, ૨૦, ૨૨, ૨૪, ૨૬, ૨૮

ડીલક્ષ યાત્રા, વિશેષતાઓની ઝલક

* નિષ્ણાત રાજસ્થાની રસોયાઓ દ્વારા
* પીવા માટે અમર્યાદિત મિનરલ પાણી
* સ્વતંત્ર રસોડે નિર્મિત
* બસ સફર દરમ્યાન ડ્રાયફ્રુટ / ટાઈમપાસ પેકેટો.
* લગેજ હેન્ડલીંગ
* સવારના બેડ ટી થી રાત્રે મસાલા દુધ સુધીનું બધુજ.
* પંજાબી, સાઉથ ઇંડીયન, ચાયનિજ, ગુજરાતી અને રાજસ્થાની શાહી રજવાડી વાનગીઓનો રસથાળ

PILGRIMAGE TOURS

Shikharji - Rajsthan - Gujrat Darshan - Nageshwar / M.P. - Punjab Darshan
Kutch Darshan - Uttar Pradesh - Hastinapur / Delhi-Agra - Char Dham

FAMILY TOURS

Kashmir - Leh Ladhak - Himachal - Uttaranchal - Sikkim Darjeling - South India
Kerla - Coastal Karnataka - Madhya Pradesh - Rajsthan - Andman - Nepal

આપના સમય અને સ્ટેટસ અનુસાર સંપુર્ણ ભારત ભરમાં ધાર્મીક/ફેમેલી/કપલ ટુરો ના આયોજક

ગ્રુપ-મંડલ-સંઘ આવકાર્ય

Hyderabad Booking
Deepak Dharod
BHAVNA TOUR & TRAVELS
D, # 1-8-80/1/A, St.No. 11, Chikkadpally, Hyderabad - 20.
Tel.: 9849053458 Email : bhavnatourandtravels@gmail.com

(જા.ખ.)

RAJSTHAN - KUTCH DARSHAN - UTTAR PRADESH - HASTINAPUR / DELHI-AGRA

# મા - ભાષા ગુજરાતી

**કેવી રીતે ગુજરાતી પર જાગે ભીના ભાવ ?**

સાથે બેસી, હજી વિચારો... વધુ ન ગોથાં ખાવ!
'બા' 'બોલ્યા' તા પહેલું વહેલું, દૂધિયું, જે ભાષા માં
હાલરડાં ને ગીત કથા વિસરાયાં કઈ આશામાં
કાગળ ફોન ને ઈન્ટરનેટ પર ગુજરાતી છલકાવ! કેવી રીતે....

બાવળ લીમડાં નું દાતણ ક્યાં છે ? કોલગેટ પાછળ ઘેલા
છાશ વિસારી ચા છે પ્યારી, ગુટખાં કેરા ચેલા!
ચીકી ભૂલ્યાં, ચ્યૂઈંગ-ગમ કાં ? સહેજ તમે શરમાવ સાથે બેસી....

માતા કરતાં માસી વ્હાલી અંગ્રેજી કામણગારી
મા-ભાષા છેક હડસેલાઈ... કેવી દુનિયાદારી
ક્યારેક તો ભૈ ગુજરાતીમાં મન મૂકી હરખાવ કેવી રીતે.... રચયિતા : બકુલેશ દેસાઈ

સંકલન કર્તા : **કનૈયાલાલ ઠક્કર**, ઈંદૌર

**જે દિવસે મા-બાપ તમારા કારણે રડે છે ત્યારે**
**તમારો કરેલો ધર્મ એમના આઁસુઓમાં વહી જાય છે.**

khakra.com
More than 30 varieties of authentic home made Khakras Thepla & other Snacks available
GEETA MAHILA GRUH UDYOG
Khakra.com
SINCE 1991
Most awaited seasons best Garlic Mango Pickle Booking Starts
101, R.K.Complex, 3-4-215, Above Bank of India, Kachiguda, Hyderabad - 500027.
Ph: 040-24562545, 66362545 | sales@khakra.com
(જા.ખ.)

SINCE 1998

Satkar Caterers
Taste U'll Love to Eat
Pure Vegetarian Catering
*Om Padmavathi Namah*
**Rakesh Virchand Nagda**
**93466 87608, 92909 52406**
**Manish Virchand Nagda**
**96180 13690, 92472 55011**
**15-2-184/5, Maharajgunj, Hyderabad - 500 012**
(જા.ખ.)

શ્રી

## ગરમ ગરમ ઉનાળામાં ઠંડક મેળવો....

...મસાલા છાસ

....... પ્લેન લસ્સી

........... સ્ટ્રોબરી લસ્સી

................પાઈનેપલ લસ્સી

...................બ્લેક કરંટ લસ્સી (કાળી દ્રાક્ષ)

હવે મળે છે છુટક તથા ૧ લીટર પેકીંગમાં
આ બધી લસ્સી એસેન્સ વગર નેચરલ ફ્રુટથી બનાવવામાં આવે છે.
છૂટક તથા જથ્થાબંધ, લગ્ન પ્રસંગે તથા બધા પ્રસંગો માટે.

<u>મેળવવા તથા ઓર્ડર આપવાનું સરનામુ</u>

## Hare Krishna Milk Products

***Opp. Jaiswal Bhavan Lane, Beside Petrol Pump,***
***Narayanguda, Hyderabad***

***Kishore Bhai - 92477 94835***

(જા.ખ.)

**HIRAL GALA**
**95026 99988**
**99665 72644**

*Custom Made*
*Blouses*
*Western Outfits*
*Sarees*
*Kurtis*
*Lehngas*
*Suits*
*Tunics*




**4-3-53/54, Raghunath Bagh,**
**K.S. Lane, Sultan Bazar, Hyd.**

(જા.ખ.)

WE CANNOT TAKE YOU BACK INTO THE ROYAL ERA.
BUT WE SURELY CAN DO THE NEXT BEST THING,
TREAT YOU LIKE ONE.

Enjoy Journey on NEW ERTIGA - A Luxury Family Saloon Car
NEW HONDA CITY - For Self Driving for Daily & Weekends
For Your Driving Pleasure of 'C' Segment Cars

ATITHI
TOURS AND TRAVELS
402, Pearl House, Next to BPM Tower, Erramanzil - Hyderabad-500 082
Contact TUSHAR KARANI on 92465 91107, 98480 11779

(જા.ખ.)

શુભ ।। અનંત ચોવિશી જીન નમો ।। લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૦૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૦૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂ. ૫૦/- માત્ર.

એપ્રીલ ૨૦૧૩ ના શ્રી કુલપાક તીર્થ યાત્રામાં અર્હત્ ટચના વિદ્યાર્થીઓને શ્રી સંઘ તરફથી લઈ જવામાં આવેલ. કોઈ પણ પાઠશાલા, મહિલા મંડલ અથવા ધાર્મિક સંઘોને શ્રી કુલપાકજી તીર્થ યાત્રીસંઘ કાચીગુડા, હૈદરાબાદ તરફથી કાયમી આમંત્રણ છે. યોગ્ય સમય પહેલા જાણ કરવા થી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

શ્રી શત્રુંજય ભક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ ના ફોર્મ હૈદરાબાદના પ્રતિનિધી શ્રીમતિ રશ્મીબેન રાજેશ લોડાયા પાસે આવતા શ્રી સંઘ તરફથી યોગ્ય પ્રચાર કરવામાં આવેલ તથા ફળ રૂપે હમણા સુધી ૨૫ ફોર્મ ભરીને મોકલવામાં આવેલ જેથી પરીક્ષા માટે હવે હૈદરાબાદ સેન્ટર ની વ્યવસ્થા થઈ જશે. ભવિષ્યમાં વેલી તકે વિદ્યાપીઠ ઉભી કરવાની કાર્યવાહી પણ શ્રી સંઘના નેજા હેઠળ ચાલુ થઈ ગયી છે. આપ સર્વેનુ યોગ્ય સાથ સહકાર હશે, તો શ્રી સંઘનો આ સપનુ સાકાર થવામાં વાર નહી લાગે. શ્રી સંઘ દ્વારા વિદ્યાપીઠના સુંદર સંચાલનની બાયંધરી પણ આપવામાં આવી છે.

જાન્યુઆરી ૨૦૧૪ માં આયોજીત શ્રી રાજસ્થાન તીર્થ યાત્રાનો કાર્યક્રમ તથા પ્રવેશપત્ર આવી ગયા છે તથા નામ નોંધણીની કાર્યવાહી શુરૂ થઈ ગયી છે. નામ લખાવવાની અંતિમ તારીખની રાહ ન જોતા તુંરત નામ નોંધાવી લેશો. કોઈ પણ મુંઝવણ હોયતો કાર્યાલયે સંચાલકનો સંપર્ક કરશો.

શ્રી રાજસ્થાન મહાતીર્થ યાત્રાનો કાર્યક્રમ સમસ્ત જૈન સમાજના સંયુક્ત તત્વાવધાનમાં થાય માટે શ્રી સંઘ પ્રયત્નશીલ છે. જે જે સંઘોને આ બાબત અપીલ મોકલવામાં આવેલ તે બહૂતાશે સંઘોનુ સુંદર પ્રતિસાદ મલી રહ્યો છે. જેથી આયોજન ભવ્યાથી ભવ્ય સ્વરૂપમાં થશે આ બાબતમાં શંકાને કોઈ સ્થાન રહેતો નથી.

શુધ્ધ ભાવ ભજવો આયોજન પોતમેળે સફલતા પૂર્વક પરીપૂર્ણ થાય છે. આ એકજ ધ્યેયથી શ્રી સંઘ અવિરત કાર્યરત છે, તથા આગળ પ્રગતી કરી રહ્યો છે. શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડા, હૈદરાબાદ ના નક્ષે કદમ પર ચાલીને ડોંબીવલીના શ્રી અનંત ખોનાએ શ્રી શહાપૂર તીર્થ યાત્રી સંઘ - ડોંબીવલીની સ્થાપના કરેલ તથા દર મહેનાના છેલ્લા રવિવારે ડોંબીવલીથી શહાપૂર તીર્થ યાત્રાનો કાર્યક્રમ રવિવાર તા. ૨૮-૪-૨૦૧૩ થી શુરૂ કરી દિધેલ છે. શ્રી ધુલીયા જૈન સમાજનો પણ ધુલીયા બલસાણા તીર્થ યાત્રાનો કાર્યક્રમ નિયમીત શુરૂ કરવાનો શ્રી સંઘને આશ્વાસન મળેલ છે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(શ્રા.ખ.)